# સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>**ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૯૩/૨૦૨૬.**</u>

આંક–......

અરજદાર/આરોપીઃ ભરતભાઈ રામજીભાઈ કિકાણી,
ઉ.આ.–૪૦ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસી–સી/૪૦૨, એપલ લકઝરીયા,
ઉત્રાણ પાવર હાઉસ પાસે, વી.આઈ.પી.સર્કલ,
મોટા વરાછા, ઉત્રાણ, સુરત.
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી એન.એમ.વઘાસીયા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. ટી.એ.પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીને અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૧૩૨૬૦૦૫૫/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬(૫) મુજબના ગુનાના કામે તા.૦૫–૦૨–૨૦૨૬ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજુ કરેલ અને ત્યારબાદ અરજદાર/આરોપીના રીમાન્ડ નામંજુર કરવામાં આવેલ અને અરજદાર/આરોપીએ પરચુરણ ફોજદારી અ.નં.૧૯૭૩/૨૦૨૬ જામીન મેળવવા માટે દાખલ કરેલ જે વિ.ટ્રા.કોર્ટ ધ્વારા તા.૦૬/૦૨/૨૬ ના રોજ નામંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ થી તેઓ જયુડી. કસ્ટડીમાં

છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૫ થી સોગંદનામું રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, બધા વડીલો અને સમાજના પંચો ભેગા થઇ અરજદાર/આરોપીની સ્થાવર જંગમ મિલકતની વ્યવસ્થા કરેલ છે તેમ છતાં તેઓની ખોટી રીતે પોલીસ ધ્વારા અટક કરવામાં આવેલ છે અને તેઓએ પુરેપુરા પૈસા ફરીયાદીને આપવાનું જણાવેલ છે.

અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નિદોર્ષ છે અને કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. પોલીસે માત્ર શકના આધારે તેઓની અટક કરેલ છે તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબનું કોઇ ગુનાહિત કૃત્ય આચરેલ નથી. મુળ ફરીયાદી ધ્વારા ખોટી રીતે અને પોતાનો ગુનાહિત ઇરાદો પાર પાડવા માટે ઘણા લાંબા સમયગાળા બાદ સીવીલ પ્રકારના કહેવાતા વ્યવહારોને ફોજદારી સ્વરૂપ અપાવી તદ્દન ખોટી ફરીયાદ નોંધાવેલ છે.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને જેલમાં રાખવામા આવે તો તેમના કુટુબ પરીવારને કદીપણ ભરપાઇ ન થઇ શકે તેવુ નુકસાન જવાનો સંભવ છે. અરજદાર/આરોપીને જામીન આપવામાં આવે તો તેઓ કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ સાહેદોને ધાક ધમકી આપે તેમ નથી.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદ મુજબના આક્ષેપની ટ્રાયલ ચલાવવાની સત્તા વિ.ટ્રા.કોર્ટને છે.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદ હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ મુળ ફરીયાદીને કોઇપણ પ્રકારે લોભ,લાલચ કે પ્રલોભન કે છેતરપીંડી કરી કોઇ માલ મેળવેલ

હોય તેવુ કયાંય જણાય આવતુ નથી. ફરીયાદ વંચાણે લેતાં પ્રાથમીક રીતે જ માલ ખરીદ વેચાણ અંગેના સીવીલ પ્રકારના વ્યવહારને યેનકેન પ્રકારે ફરીયાદીએ ફોજદારી સ્વરૂપ આપેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ ફરીયાદમાં જણાવેલ બી.એન.એસ.ની કલમ-૩૧૬ (૫) ના આવશ્યક તત્વો જ ફુલફીલ થતા નથી.

વધુમાં સદર ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને તેને ચાર્જશીટ રજુ થતા તેને ક્રિમીનલ કેસ નં.૩૮૯૨૭/૨૦૨૬ આપવામાં આવેલ છે જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવાનો કોઇ પ્રશ્ન નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી એ અત્રેની કોર્ટમાં અગાઉ જામીન અ.નં.૮૯૮/૨૦૨૬ એફ.આઇ.આર. ના ગ્રાઉન્ડ ઉપર દાખલ કરેલ જે નામંજુર કરવામાં આવેલ છે.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી યુવના વયના અને સુરત શહેરના સ્થાનીક અને કાયમી રહીશ છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે. અરજદાર/આરોપીના પરીવારમાં પત્ની અને દિકરાઓ છે અને સંતાનો અભ્યાસ કરે છે તેમજ અરજદાર/આરોપીના પિતાને ડાયાબીટીસ અને પ્રેશરની બીમારી છે અને માતા ઘરકામ કરે છે. જેથી નાસી ભાગી જવાનો કોઇ જ પ્રશ્ન નથી તેમ જણાવી તેમની દલીલના સમર્થનમાં (૧) નામદાર સુપ્રિમકોર્ટ, ૨૦૧૨(૦) જીએલએચઇએલ-એસસી પાના નં.૫૦૯૧૮, શુશાંત ઘોષ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ, (૨) ૨૦૨૪(૦) સુપ્રિમ (એસસી), પાના નં.૬, દિલ્હી રેસ કલબ (૧૯૪૦) લી અને બીજા વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ અને બીજાઓ (૩) ૧૯૮૪ જી.એલ.એચ. પાના નં.૫૧૫, ભગીરથસિંહ જાડેજા વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાત (નામદાર સુપ્રિમકોર્ટ) (૪) એ.આઇ.આર. ૨૦૧૨ (એસ.સી.) પાના નં.૮૩૦, સંજયચંદ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન (નામદાર સુપ્રિમકોર્ટ) (૫) ૨૦૨૪ (૦)

સુપ્રિમ(એસસી) પાના નં.૫૨૦, જાવેદ ગુલામ નબી શેખ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ (૬) ૨૦૧૮(૦) એઆઇજીઇએલ પાના નં.૬૧૫૮૦, દાતારામ સિંઘ વિ. ધી સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ (નામદાર સુપ્રિમકોર્ટ)વિગેરે ચુકાદાઓ રજુ કરી તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૩.૧ અરજદાર/આરોપીએ આંક–૩ ના લીસ્ટથી એફ.આઇ.આર.ની નકલ, અરજદાર/આરોપીના એરેસ્ટ મેમાની નકલ, ફોજદારી કેસ નં.૩૮૯૨૭/૨૦૨૬ ના સ્ટેટસની નકલ તથા અરજદાર/આરોપીએ કરેલ જામીન અ.નં.૮૯૮/૨૦૨૬ ના હુકમની નકલ.

૪. સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી કુલ રૂા.૧,૦૦,૬૬,૩૪૩/- નો તૈયાર હીરાનો માલ વેપારીઓને બતાવવાની વાત કરી લઈ જઈ હીરાનો માલ બારોબાર વેચી રોકડા રૂપિયા મેળવી પોતાના અંગત કામમાં વાપરી નાંખી ફરીયાદીને હીરા કે નાણાં પરત નહિં કરી ફરીયાદી સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીયાદીને તથા કેસના પુરાવાઓને નુકસાન પહોંચાડે તેમજ સાહેદોને લલચાવી ફોસલાવી પુરાવાઓને નુકસાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે. તેમજ અરજદાર/આરોપી જામીન મળેથી નામદાર ટ્રાયલ કોર્ટમાં હાજર રહે નહિં તેવી પણ સંભાવનાઓ રહેલી છે અને આવા જ પ્રકારના ગુનાઓનું પ્રમાણ સમાજમાં દિનપ્રતિદિન વધી રહેલ હોય જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આવા જ પ્રકારના ગુનાઓ કરનારને પ્રોત્સાહન મળે તેમ હોય તે તમામ

હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૪.૧ મુળ ફરીયાદીએ આંક–પ થી તેમની સોગંદ ઉપરની એફીડેવીટ રજુ કરી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે સખ્ત વાંધો લીધેલ છે.

પ. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ આંક–૪ વાળું સોગંદનામું તથા મુળ ફરીયાદીની એફીડેવીટ ધ્યાને લીધી. હાલના અરજદાર/આરોપી સામે અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦ ૧૩૨૬૦૦૫૫/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬(૫) મુજબનો ગુનો નોંધાયેલ છે.

અરજદાર/આરોપી સામે હીરાનો માલ ખરીદ કરી હીરાનો માલ પરત નહિં આપેલાનો તથા તેના નાણાં નહિં ચુકવી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલાનો આક્ષેપ છે. જયારે પોલીસ પેપર્સ જોતાં ફરીયાદીએ આરોપી સાથે અલગ અલગ સમયાંતરે વ્યવહાર કરેલાનું જણાય આવે છે.

અરજદાર/આરોપી સામે કોઇ ગુનાહિત ઈતિહાસ ન હોવાનું અને તપાસ ચાલુ ન હોવાનું ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જણાવેલ છે. તેમજ અરજદાર/આરોપીની અગાઉની જામીન અરજી મુખ્યત્વે તપાસ ચાલુ હોવાના કારણે નામંજુર કરવામાં આવેલ હતી.

અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, અરજદાર/ આરોપી સુરત મુકામેના સરનામે તેમના પરીવાર સાથે રહેતા આવેલ છે જેથી નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં, અરજદાર/ આરોપીના વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદી એ તેમની ફરીયાદ ત્રણેક માસ બાદ દાખલ કરેલ છે અને તેમાં વિલંબના કોઇ કારણો જણાવેલ નથી. જેથી અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની તેવી દલીલ ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે.

ત.ક.અ.એ તેમના સોગંદનામામાં અરજદાર/આરોપીને જામીન નહિં આપવા માટેના જે કારણો જણાવેલ છે તેમાં મુખ્યત્વે અરજદાર/આરોપી ફરીવાર આવા ગુના કરશે, આરોપીને કાયદાનો ડર રહેશે નહિં તેમજ ટ્રાયલ વખતે હાજર રહેશે નહિં તેમ જણાવેલ છે પરંતુ અરજદાર/આરોપીની હાજરીની સદર ગુનાના કામે કોઇ જરૂરીયાત હોય તેવી કોઇ વિગતો ત.ક.અ.ના સોગંદનામા માંથી જણાય આવતી નથી. અરજદાર/આરોપી વેપારી હોવા માત્રથી જ તેઓ ફરીવાર આવા ગુના કરશે અને તેઓને કાયદાનો ડર રહેશે નહિં તેવી જે વિગતો ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જણાવેલ છે તે હાલના તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી જેથી તેવી પણ વિગતો હાલના તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

આમ, સમગ્ર વિગતો જોતાં હાલના કામે પ્રથમ દર્શનીય રીતે હાલના અરજદાર/આરોપી તથા ફરીયાદી વચ્ચે લેવડદેવડ અંગેનો પ્રશ્ન હોવાની હકીકત જણાય આવે છે અને હાલના અરજદાર/આરોપી પાસેથી કોઇ રીકવરી કે ડીસ્કવરી મેળવવાની હોય તેવી વિગત ત.ક.અ. એ જણાવેલ નથી. તેમજ અરજદાર/આરોપી સામે નોંધાયેલ ગુનાની સજાકીય જોગવાઇ અને તેઓ ભાવનગર જિલ્લાના સ્થાનિક મુળ વતની હોવાની હકીકત તેમજ ગુનામાં અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતાં અરજદાર/આરોપીને હાલના તબક્કે જામીન ઉપર મુક્ત કરવાનું ન્યાયોચિત જણાય આવે છે.

અરજદાર/આરોપી વૃધ્ધ ઉંમરના અને વેપારી વર્ગના ઇસમ જણાય છે. અરજદાર/આરોપી સામે તપાસ પુર્ણ થઇ ગયેલ હોય અને તેની ચાર્જશીટ થઇ ગયેલા પુરાવો અરજદાર/આરોપી નિ.૩/૩ થી રજુ કરેલ છે, જે વિગતને ત.ક.અ.એ પણ જણાવતા ગુનાની તપાસ ચાલુ નહિં હોવાનું જણાવેલ છે. આથી, અરજદાર/આરોપીને વધુ સમય જ્યુડી. કસ્ટડીમાં મુકી રાખવા માટે ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જણાવેલા મુદ્દાઓ જોતા તેઓએ શંકા વ્યકત કરેલી છે

કે, ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી આપશે તથા નાસી ભાગી જાય તેમ છે તથા હાલના આરોપી સામે ગંભીર ગુનો નોંધેલ હોવાનું જણાવેલ છે અને ફરીયાદીના નાણાંની ચીટીંગ ફરીવાર આચરશે તથા આર્થિક નાણાંની ઉચાપત કરશે તેવી શકયતાઓ જણાવેલ છે તે જોતાં ત.ક.અ.ના જણાવેલા મુદ્દાઓથી અરજદાર/આરોપી વેપારી વર્ગનો ઇસમ હોય તેમજ તેઓ ભાવનગર તથા સુરત મુકામે રહેતા હોય હાલના કેસના સંજોગો તથા રેકર્ડ જોતાં અરજદાર/આરોપીનાં વિ.વ.શ્રીની દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે. તેમજ ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જે દહેશતો જણાવેલ છે તેને સખ્ત શરતો લાદી નિવારી શકાય તેમ છે.

આમ, હાલના અરજદાર/આરોપીની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/આરોપીના વિ. વ. શ્રીની દલીલ જોતા, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા *Sanjay Chandra vs. C.B.I. reported in (2012) 1 SCC 40* માં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની હાલની અરજીમાં જણાવેલા ભગીરથસિંહ જાડેજા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પૂર્ણ થવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધીમાં અરજદાર/આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં રાખી મૂકવાનું આ કામે હાલ ઉચિત જણાય આવતું નથી. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને બી.એન.એસ.

એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૯૩/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૧૩૨૬૦૦૫૫/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬(૫) મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી નાઓએ **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત કોર્ટમાં સંતોષકારક જણાય તે રીતે રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

<u>શરતો–</u>

૧. અરજદાર/આરોપીએ આજ કે આવા કોઈપણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહીં.

૨. અરજદાર/આરોપીએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૩. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે કેસને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.

૪. અરજદાર/આરોપી પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત. ક. અમલદાર શ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત રજૂ કરવું.

૫. અરજદાર/આરોપી માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ.

૬. અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવું.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્દ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજરોજ તારીખઃ **૧૦મી,** માહે–**માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)